**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૫ ટકા

# ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં હેલ્પ ડેસ્ક સેન્ટરની શરૂઆત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં હાલના સમયે હેલ્પ ડેસ્ક સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. હોસ્પિટલના ૪ થા મજલે આવેલા સેન્ટરમાંથી દર્દીઓની માહિતી મળી શકે છે. તે ઉપરાંત દર્દીઓ કે સ્ટાફના કર્મચારીઓની ફરીયાદનું પણ નિવારણ તાત્કાલીક ધોરણે લાવવામાં આવે છે. હાલના સમયે કોરોના પોઝીટીવ દર્દીઓના મૃતદેહ પણ ૪ થા માળે આપવામાં આવે છે. પહેલા દર્દીઓના સગાને ૮ માં માળે લઈ જવાતા હતા, અને મૃતદેહ સોંપવામાં આવતો હતો. પરંતુ દર્દીઓના સગા-સ્નેહીજનોને કોરોનાનો ચેપ ના લાગે તે માટે સિવિલ તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જયારે સિવિલ તંત્ર દ્વારા તાજેતરમાં પબ્લીક રીલેશન ઓફિસરની પણ નિમણુંક કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરની કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે કેટલાક દર્દીઓના સગાઓને દર્દી કયાં વોર્ડ કે કયાં બેડ પર સારવાર લઈ રહ્યા છે. જેને પગલે દર્દીના સગા રઘવાયા થઈ જાય છે અને દર્દીની તબિયતના સમાચાર મેળવવા માટે આંટાફેરા મારે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા હેલ્પ ડેસ્ક સેન્ટર શરુ કરાયું છે. જેમાં દર્દીની તબિયતની પણ જાણકારી મળી રહેશે. તે ઉપરાંત સવાર સાંજ નિયત કરેલા સમયમાં દર્દીને ઘરનું ભોજન અને નાસ્તો આપી પહોંચાડી શકાય છે. જયારે સિવિલના ૪ થા માળે સીસીટીવી કેમેરાનો કંટ્રોલ રૂમ ઉભો કરાયો છે, જેનું સતત મોનીટરીંગ પણ કરવામાં આવે છે. હેલ્પ સેન્ટરમાં પાણી, પ્લમ્બર, પંખા કે લાઈટ અંગેની ફરીયાદ આવે તો તેનું નિવારણ પણ તુરંત કરવામાં આવે છે. પીઆઈયુ અને બાયો મેડીકલની ટીમ પણ હાજર હોય છે. જયારે સિવિલમાં કોઈપણ માહીતી માટે નાગરીકોએ આમ થી તેમ ભટકવુ ના પડે તે માટે જન સંપર્ક અધિકારીની પણ નિમણુંક કરવામાં આવી છે. હેલ્પ ડેસ્ક અને કંટ્રોલ રૂમને પગલે સિવિલના સત્તાધિશોને થોડી રાહત થશે.





શિયાળામાં પ્રદૂષણનું પ્રમાણ વાતાવરણને ડહોળે છે ત્યારે સફાઈ કર્મચારીઓ કચરો બાળીને વધુ પ્રદૂષણ ફેલાવ છે. સેકટર-૨૧માં મીનાબજારથી સેકટર-૨૧ જવાના માર્ગે અંડરપાસમાં સફાઈ કર્મચારીઓએ કચરો બાળતા ખૂબ જ ધૂમાડો ફેલાયો હતો. અહીંથી પસાર થતા વાહનચાલકોએ તકલીફનો સામનો કરવો પડયો હતો.

# સે-૫ ખાતે ખોદકામ દરમિયાન જેસીબીથી શ્વાન ઈજાગ્રસ્ત

## શરીરે ૨૫ ટાંકા અને અઢી કલાક ચાલેલી શસ્ત્રક્રિયા બાદ શ્વાનને નવજીવન, સે-૩૦ વેટરનરી ડો.કિરણની ટીમ દ્વારા સફળ ઓપરેશન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે ચાલી રહેલા ખોદકામ સમયે જેસીબી મશીન થી એક શ્વાન ઈજાગ્રસ્ત થયું હતું. જેસીબીના પાવડાનો દાંતો વાગતા શ્વાનનું પેટ ચીરાઈ જતા આંતરડા બહાર આવી ગયા હતા. દર્દથી કણસી રહેલા શ્વાનને સ્થાનિક પ્રાણીપ્રેમીઓ જોઈ જતા તેને સેકટર-૩૦ સરકારી વેટરનરી ખાતે સારવાર માટે લઈ ગયા હતા.જયાં ફરજ પર હાજર વેટરનરી ડો.કિરણ અને તેમની ટીમના સભ્યોએ સફળ શસ્ત્રક્રિયા કરી શ્વાનને નવજીવન બક્ષ્યું હતું.

મળતી વિગત મુજબ



શહેરના સેકટર-૫ સી રીંગરોડ પાસે સવારના સમયે ચાલી રહેલા ખોદકામ દરમિયાન ખાડા પાસે બખોલમાં બેસેલા શ્વાનને કામ કરી રહેલા જેસીબી મશીનના પાવડાનો દાંતો વાગતા શ્વાનના પેટનો ભાગ ચીરાઈ જતા આંતરડાનો ભાગ બહાર આવી ગયો હતો. શ્વાન ગંભીર રીતે ઘાયલ થતા દર્દથી કણશી રહ્યું હતું. શ્વાનને બચાવવા માટે સ્થાનિક નાગરીકોએ ફોન કર્યા હતા. પરંતુ તે સમયે પ્રાણી પ્રેમીઓ રનુ મિશ્રા, યુકતા મિશ્રા, પૂજા સિંગ, પરમ ગજ્જર, પ્રફુલભાઈ અને હુસેનભાઈને ખબર પડતા તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા.તેઓએ સહેજ પણ સમયનો વિલંબ કર્યા વિના ઈજાગ્રસ્ત શ્વાનને લઈ સેકટર-૩૦ સરકારી વેટરનરી ડોકટર પાસે સારવાર માટે લઈ ગયા હતા. શ્વાનને બચાવવા માટે જે પણ ખર્ચ થાય તે માટે પ્રાણી પ્રેમીઓ તૈયાર હતા. ત્યારે સેકટર-૩૦ વેટરનરી ડોકટર કિરણ અને તેમની ટીમે અઢી કલાક થી વધુ મહેનત કરીને સફળ શસ્ત્રક્રિયા કરીને શ્વાનને નવજીવન આપ્યું હતું. શ્વાનના બહાર નીકળી ગયેલા આંતરડા અને શરીરનો અન્ય ભાગ યોગ્ય જગ્યાએ બેસાડી શરીરે ૨૪ ટાંકા લેવા પડ્યા હતા. ડો.કિરણ તેમની ટીમે ઈજાગ્રસ્ત શ્વાનને ઈંજેકશન, જરુરી દવાઓ આપી હતી. જયારે હાલ શ્વાન પ્રાણી પ્રેમીઓ પાસે અને તેની સારસંભાળ કરી રહ્યા છે.



શહેરના સરકીટ હાઉસ ખાતે અત્યંત ઝેરી નાગ નીકળતા પર્યાવરણ પ્રેમી તથા બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા પ્રદીપ સોલંકી દ્વારા સમયસર સ્થળ પર પહોંચીને સાપને પકડી જંગલ વિસ્તારમાં મુકત કરાયો હતો.

## પેજ સમિતિની રચના સંદર્ભે કમલમ ખાતે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સુચના અનુસાર ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટીના સંગઠન દ્વારા આજે પેજ સમિતિની રચના સંદર્ભે મિટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરના મહામંત્રી અને ગાંધીનગર મહાનગરના પેજ સમિતિના ઈન્ચાર્જ કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં શ્રી કમલમ ભાજપ કાર્યાલય સે-૨૧, ગાંધીનગર ખાતે પેજ સમિતિના વોર્ડના ઈન્ચાર્જ તથા પેજ સમિતિના સેકટરના ઈન્ચાર્જ તમામે સાથે મળીને બેઠક યોજી હતી.

# શહેરની બહેનો દ્વારા અધિકમાસના અંતિમ દિવસની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા.૧૭

દર ત્રણ વર્ષે આવતા અધિક માસનો શુક્રવારે અંતિમ દિવસ હતો ત્યારે શહેરની બહેનો દ્વારા વિવિધ રીતે અધિકમાસના અંતિમ દિવસની દાન કરી તથા ખંડ પુરી ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સે-૫ રાધા કૃષ્ણ મંડળની બહેનો દ્વારા સમગ્ર માસ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે પુરૂષોત્તમ ભગવાનની પૂજા કરવામાં આવી હતી તથા આજે ખંડ પુરી દાન-પુણ્ય કરવામાં આવ્યું હતું. સંસ્કૃતિ મહિલા પરિવારની બહેનો દ્વારા ઓનલાઈન આરતી કરી આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જલારામ મહિલા મંડળના મંત્રી ઉષાબેન ઠકકર દ્વારા પણ પોતાના ઘરે જ અધિક માસની પૂજા સંદર્ભે ખંડ પુરી દાન-દક્ષિણા કરવામાં આવી હતી. આમ, તમામ શહેરીજનોએ અને ખાસ બહેનોએ પુરૂષોત્તમ માસના અંતિમ દિવસે પૂજા પાઠ અને દાન પુણ્ય કરી અધિકમાસની ઉજવણી કરી હતી.




કોરોના અંગે જાગૃતિ લાવવા માટે કોવિડ વિજય રથ ગાંધીનગરમાં ફરી રહ્યો છે. માસ્ક પહેરવાની, સોશિયલ ડિસ્ટન્સ રાખવાની અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવાની શપથ વસાહતીઓને લેવડાવવામાં આવી હતી.

## સે-૩-એ ન્યુમાં સફાઈ કામગીરી થાય તેવી માંગ

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટરવાસીઓની સેકટરના પ્રશ્નો અંગેની ફરિયાદ સંદર્ભે સે-૩-એન્યુના વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા જણાવે છે કે ચોમાસાની ઋતુમાં વરસાદ પડવાને કારણી ખુલ્લી જગ્યાઓમાં ઘાસ ઉગી નીકળે છે અને મચ્છરોનો ઉપદ્રવ વધે છે જેને કારણે રોગચાળો ફેલાય છે. તો આ તમામ જગ્યાએ દવાનો છંટકાવ કરવામાં આવે અને સેકટરના પ્રશ્નો બાબતે તંત્ર કોઈ પગલા લેવી તેવી સે-૩-એ ન્યુ વસાહત મંડળ તથા સેકટરવાસીઓની માંગ છે.

## માતાજીની આરતીમાં સોશિયલ ડિસ્ટન્સ માટેની વ્યવસ્થા



કોરોના મહામારીને કારણે આપણા જનજીવનમાં ભારે પરિવર્તન આવ્યું છે. જે તહેવાર સમગ્ર ગુજરાતની વૈશ્વિક ઓળખ સમાન છે તે નવરાત્રી પહેલીવાર 'ગરબાવિહીન' યોજાવા જઈ રહી છે, એટલું જ નહીં જયાં આદ્યશકિત મા જગદંબાની આરતીમાં હૈયેહૈયું દળાય તે રીતે ભાવિકો ઉમટતા હતા તેમાં પણ હવે મર્યાદિત સંખ્યામાં એકબીજાથી દૂર ઉભા રહી સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરતા આરતી કરવામાં આવશે. જે માટે સોસાયટીઓ-વસાહતોના નવરાત્રી ચોકમાં સરકારના આદેશ મુજબ અગાઉથી કુંડાળા દોરી રાખવાની તજવીજ આયોજકોએ કરવી પડી છે. પ્રસ્તુત તસવીરમાં વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે નવરાત્રી ચોકમાં સોશિયલ ડિસ્ટન્સના પાલન માટે દોરવામાં આવેલા વર્તુળ નજરે ચઢે છે.

## આજથી બ્રહ્માકુમારીઝ સે-૨૮નો સાત દિવસીય ઓનલાઈન રાજયોગ કોર્સ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૨૮ ખાતેના બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કેન્દ્રના સંચાલિકા બી.કે. કૈલાશદીદી દ્વારા સેવા કેન્દ્ર ખાતે તા. ૧૮મી ઓકટોબરથી જીવન પરિવર્તક ઓનલાઈન કોર્સ 'રાજયોગ દ્વારા આધ્યાત્મિક સશકિતકરણ' જે સાત દિવસનો ધ્યાન કોર્સ છે જેનો ઝૂમ વેબીનાર દ્વારા પ્રારંભ કરવામાં આવશે. આ કોર્સ તા. ૧૮મી ઓકટોબરથી દરરોજ સવારે ૮ થી ૯ દરમિયાન યોજાશે જે તદ્દન નિ:શુલ્ક કોર્સ રહેશે. જેમાં શહેરીજનોને પરિવાર સહિત જોડાવા જાહેર આમંત્રણ સંસ્થાની અખબારી યાદી દ્વારા પાઠવવામાં આવ્યું છે.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઈ-નોરતા પ્રતિયોગીતા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શહેરની જાણીતી સંસ્થા લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. કોરોના મહામારીને કારણે આ વર્ષે જાહેરમાં ગરબા નહીં યોજાય પણ સંસ્થા દ્વારા ઈ-નોરતાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નોરતા ફેસબુકના માધ્યમથી ઉજવાશે સાથે પ્રતિયોગીતા પણ ફેસબુક પર જ યોજાનાર છે. કીડ, પ્રિન્સ, પ્રિન્સેસ, કપલ, ડ્રેસ અને ગ્રુપ આ તમામ કેટેગરીમાં શહેર તથા શહેર બહારના તમામ ખેલૈયાઓ ભાગ લઈ શકશે તેમ સંસ્થાના સંકેતભાઈ ગોર દ્વારા જણાવાયું છે. તમામ ખેલૈયાઓ લાયન્સ કલબના ફેસબુક પેજ પર ફોર્મ તથા અન્ય વિગતો વિશે જાણકારી મેળવી શકશે. આ પ્રતિયોગીતામાં ભાગ લેવા તમામ શહેરીજનોને સંસ્થાના અગ્રણીઓ દ્વારા જણાવાયું છે.

# ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ૨૮મી ઓકટોબરે ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવીઝન સે-૧૧ ખાતે તા. ૨૮ ઓકટોબરના રોજ ૧૧ કલાકે ડાક અદાલત યોજાશે.

આ યોજાનાર ડાક અદાલતમાં ટપાલ સેવાને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. ગાંધીનગર વિભાગના પ્રવર ડાકઘર અધિક્ષક દ્વારા જણાવાયું છે કે અદાલતમાં શહેરીજનોની ટપાલસેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે જેથી આ અંગેની તમામ ફરિયાદોને સે-૧૧ સ્થિત સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન ખાતે તા. ૨૨ ઓકટોબર સુધીમાં મોકલી દેવી તથા નિર્ધારિત સમય બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં નહિ લેવાય તેમ જણાવાયું છે. આ ઉપરાંત તેઓ જણાવે છે કે ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ નિતિ વિષયક ફરિયાદોને ડાક અદાલતમાં ધ્યાનમાં નહિ લેવાય તેમ પણ તેઓએ જણાવ્યું છે.



સમગ્ર દેશમાં કોવિડ-૧૯ જન આંદોલન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે જે અંતર્ગત ગાંધીનગર સચિવાલયના પાણી પુરવઠા વિભાગમાં સાવચેતી રાખવા અર્થેના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

# ગાંધીનગરના રાજસ્થાન સાર્વજનિક સમાજ સેવા ટ્રસ્ટની સામાન્ય સભા યોજાઈ



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના રાજસ્થાન સાર્વજનિક સમાજ સેવા ટ્રસ્ટની સામાન્ય સભા અધ્યક્ષ તુલસીભાઈ માળીના પ્રમુખસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં સંસ્થાના અર્ધવાર્ષિક હિસાબોની ચકાસણી, દિવાળી પછી દેવદિવાળીએ સંસ્થા દ્વારા દર વર્ષે યોજાતા સ્નેહમિલનનું આ વર્ષે કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર કરવાના આયોજન અંગે ચર્ચા, સામાજિક સેવાના બાકી રહેલા સેવાકાર્યો પુરા કરવા અંગે ચર્ચા, મનપાની આગામી ચુંટણીઓમાં રાજસ્થાન સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય તે માટે પ્રયાસો કરવા તેમજ નવા ટ્રસ્ટીઓ તથા સભ્યોમાં વધારો કરવા અંગેના પ્રસ્તાવ જેવા મુદ્દાઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

રાજસ્થાન સાર્વજનિક સમાજ સેવા ટ્રસ્ટની સામાન્ય બેઠકમાં અધ્યક્ષ તુલસીભાઈ માલી ઉપરાંત મહામંત્રી મુકેશભાઈ વ્યાસ, ઉપાધ્યક્ષ મધુભાઈ પ્રજાપતિ, કોધાધ્યક્ષ મૂપાજી પ્રજાપતિ, મુકેશકુમાર પ્રજાપતિ, શિક્ષામંત્રી વિક્રમસિંહ રાજપૂત, રમેશભાઈ પાંચાલ, કાર્યાલય મંત્રી તલકાજી મેઘવાલ, સહમંત્રી ગોપાલ શર્મા, મોતી મહારાજ વૈષ્ણવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાની સામાન્ય બેઠક સે-૨૧માં અપનાબજાર પાસેના સંસ્થાના કાર્યાલય ખાતે યોજાઈ હતી.

## ચિરવિદાય

- સ્વ. રેવાબા મણીલાલ પંડયા, ઉ.વ. ૯૦, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. મકવાણા અંબાલાલ આતાજી, ઉ.વ. ૭૮, વજાપુરા, તા. ગાંધીનગર
- સ્વ. આનંદ નૌતમલાલ ત્રિપાઠી, ઉ.વ. ૪૫, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. શર્મા પુરુષોત્તમભાઈ નારણભાઈ, ઉ.વ. ૭૦, ધમીજ, તા. દહેગામ
- સ્વ. ઠાકોર ગંગાબેન માસંગજી, ઉ.વ. ૭૫, ચિલોડા મોટા, તા. ગાંધીનગર
- સ્વ. જશુબા કેશાજી બિહોલા, ઉ.વ. ૭૫, પાલજ, તા. ગાંધીનગર